# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE
L. D. College of Engineering Campus,
Navrangpura, Ahmedabad - 380 015.

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**No. : ACPC/ADM-19/679** **Dt. : 08-08-2019**

પ્રતિ,
**આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,**
સ્વનિર્ભર ડિગ્રી / ડિપ્લોમાં ફાર્મસી સંસ્થાઓ.

**વિષય : સ્વનિર્ભર ડિગ્રી ફાર્મસી સંસ્થાઓમાં ડિપ્લોમા થી ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમોની ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/45/2013/PVS/102013/405/S તા. ૨૯-૦૭-૨૦૧૩ અને તેનાં વખતોવખતનાં સુધારાઓ**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ નાં ડિપ્લોમા થી ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો સરકારશ્રીનાં સંદર્ભિત જાહેરનામાના નિયમ-૬(૩) અને નિયમ-૧૯ મુજબ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને અનુસરીને fair, transparent & non-exploitative રીતે ભરવાની રહેશે.

**<u>ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :</u>**

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ-૨૦૧૯ નો ડિપ્લોમાથી ડિગ્રી ફાર્મસીનો મેરીટ ક્રમાંક ધરાવતા અને પ્રવેશથી વંચિત ઉમેદવારો.

(૨) ગુજરાત રાજ્યમાંથી PCI અને / અથવા AICTE માન્ય સંસ્થાઓમાંથી લાયકીની પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે પસાર કરેલ હોય અને પ્રવેશ સમિતિ ખાતે રજીસ્ટ્રેશનથી વંચીત ઉમેદવારો.

(૩) ગુજરાત બહારના રાજ્યમાંથી PCI અને / અથવા AICTE માન્ય સંસ્થાઓમાંથી લાયકીની પરીક્ષા પસાર કરેલ હોય તેવા લાયકાત ધરાવતા ઉમેદવારો.

તદ્ઉપરાંત પ્રત્યેક સંસ્થાએ નીચે મુજબનાં સામાયિક કાર્યક્રમને ચુસ્તપણે અનુલક્ષીને કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦-૦૮-૨૦૧૯ | ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ તથા જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૨. | ૧૦-૦૮-૨૦૧૯ થી ૨૩-૦૮-૨૦૧૯ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-) |
| ૩. | ૨૩-૦૮-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૧૯ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ તથા પ્રવેશ ફોર્મ ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા. |
| ૪. | ૦૫-૦૯-૨૦૧૯ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની રહેશે. |

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું પાલન કરવાનું રહેશે. કોઈપણ સંસ્થા પ્રવેશ ફોર્મ સ્વીકારવાની ના પાડી શકશે નહીં. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાની વેબસાઈટ ઉપર 'ખાલી રહેલી બેઠકો'ની યાદી દર્શાવવાની રહેશે તેમજ પ્રવેશ સમિતિ દ્વારા ખાલી રહેલી બેઠકો ભરવા માટે જે સૂચનાઓ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**S/d**
**(મેમ્બર સેક્રેટરી)**